## XIII. Particulars of recipients of concessions, permits or authorisations granted by it

1. Title of Best Practice

સમગ્ર શહેરમાં આવેલ ખાનગી સોસાયટીઓમાંથી રોજ–બરોજ ઉત્પન્ન થતા ગાર્બેજનો નિયમિતપણે ન્કિાલ થાય તે સ્ટ્રેટેજી ધ્યાને લઈ શહેર વિસ્તારમાં આવેલ ખાનગી સોસાયટીના પ્રમુખો / સેક્રેટરીઓ તેમજ એસોસીએશનના હોદ્દેદારોની મીટીંગનું આયોજન કરી આ કામગીરીનો હેતુ સમજાવી સોસાયટીઓના લે–આઉટ પ્લાનનાં ૨૫ % વિસ્તારને સફાઈ યોગ્ય વિસ્તાર ગણી અનુદાન આપવાની સ્કીમની અમલવારી કરાવવામાં આવેલ જેમા રહેઠાણ વિસતાર માટેનો દર ચો.મી. ૦.૪૦ પૈ. તથા બિન રહેઠાણ વિસ્તાર માટેનો દર ચો.મી. ૦.૪૫ પૈ. ચુકવવાનું સ્થા.સ.ઠ.નં. ૩૧૦/૯૯ થી નકકી કરવામાં આવેલ પરંતુ સોસાયટી દીઠ લઘુત્તમ રૂા.૧૦૦૦/– ચુકવવાનું નકકી થયેલ આ માટે સોસાયટીએ તેમનો પોતાનો કામદાર રોકી સફાઈ કામગીરી કરાવવાની રહે અને જે માટે માસાન્તે સોસાયટીના પ્રમુખ / સેક્રેટરી જે કામગીરી સંતોષકારક પ્રમાણપત્ર રજુ કરે તેના આધારે ચેક સીસ્ટમથી પેમેન્ટ જે તે સોસાયટીના ખાતે ચુકવવામાં આવે છે. પરંતુ સફાઈ અંગેના સાધનો જેવા કે, ઝાડુ, બુતારા, પાવડા, તગારા, ટોપલા, કચરાની લારી, પાવડી વિગેરે સોસાયટીએ પોતાના સ્વખર્ચે લાવવાના રહે જયારે જંતુનાશક દવા છંટકાવાનો જથ્થો મહાનગરપાલિકા તરફથી પુરો પાડવામાં આવે છે.

અનુદાન સ્કીમ હેઠળ આવેલ સોસાયટીઓ સુરત મહાનગરપાલિકાની આ સ્કીમ હેઠળ જોડાવવા માટે સોસાયટીની જનરલ મીટીંગોમાં ઠરાવ પાસ કરી પ્રમુખ કે સેક્રેટરીને સત્તા સોંપે છે. જે સત્તા હેઠળ પ્રમુખ કે સેક્રેટરી દ્વારા આ સ્કીમમાં જોડાવવા માટે ઠરાવની નકલ સાથે સુરત મહાનગરપાલિકાને સંમતિ પત્રક સોસાયટીની લે–આઉટ પ્લાન્ટ, બેંક બાબતની વિગત મોકલી આપતા હોય છે. જેને આધારે સ્થા.સ.ઠ.નં.૩૧૦/૯૯ હેઠળની શરતોએ સક્ષમ સત્તાની મંજુરી મેળવી આ કામગીરીની અમલવારી જે તે સોસાયટીમાં કરાવવામાં આવે છે. અને આ થતી કામગીરી પર સુરત મહાનગરપાલિકાના જે ને ઝોનના આરોગ્ય વિભાગ કે અન્ય સુપરવાઈઝર સ્ટાફ દ્વારા અવરનવર સુપરવિઝન કરવામાં આવતુ હોય છે. માસાન્તે સોસાયટીમાં આવતા પ્રમાણપત્રો પર સુરત મહાનગરપાલિકાના જવાબદાર કર્મચારીઓની અવર–નવર લીધેલ વિઝીટના સંદર્ભે પ્રમાણપત્ર લેવામાં આવે છે અને ત્યાર બાદ જ અનુદાન સ્કીમ હેઠળની નકકી થયેલ રકમ જે ને સોસાયટીને ચુકવવામાં આવતી હોય છે.

1) Concession Agreement Signed b Surat Municipal Corporation with Agency named En-Vision Enviro Engineers –Surat to establish, operate and maintain the centralised Biomedical waste treatment facility.

2) Concession Agreement Signed b Surat Municipal Corporation with Agency named Hanjer Biotech Engineers Pvt. Ltd. – Mumbai to setup, operate and maintain the 400 TPD MSW process plant at Khajod disposal site.